सत्यमेव जयते

## વાદીની આંક–પ થી રજુ સી.પી.સી ઓર્ડર ૩૯ રૂલ ૧ અંતર્ગતની વચગાળાના મનાઈ હુકમ મેળવવા અંગેની અરજી હેઠળ હુકમ

---

(૧) વાદીએ હાલનો દાવો મિલ્કતમાંથી ભાગ મેળવવા, અમુક મિલ્કતોના વેચાણ દસ્તાવેજ રદ કરવા, વિજ્ઞાપન અને કાયમીમનાઈ હુકમ મેળવવા માટે દાખલ કરેલ છે. જે દાવા સાથે વાદીએ ઓર્ડર ૩૯, રૂલ ૧,૨ અંતર્ગત દાવો ચાલતા સુધી કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા હાલની અરજી કરેલી છે.

વાદીએ પોતાની દાવા અરજી અને આંક–પ થી રજુ કામચલાઉ મનાઈ હુકમ માટેની હાલની અરજીમાં એવી રજુઆત કરેલી છે કે, આ કામના વાદી નં.૧ થી ૭, ગુજરનાર લખમણભાઈ અરજણભાઈ પીઠીયાના સંતાનો છે. તેઓએ વધુમાં રજુઆત કરેલી છે કે, ગુ.લખમણભાઈ અરજણભાઈ પીઠીયા નું તા.૦૯/૦૬/૦૫ ના રોજ જુનાગઢ મુકામે ડૉ.માલીવીયા ના દવાખાને અવશાન થયેલ છે. તેમજ અરજદારોના માતા કારીબેન લખમણભાઈ પીઠીયાનું તા.૦૫/૧૦/૦૮ ના રોજ અવશાન થયેલ છે. વાદીએ વધુમાં જણાવેલ છે કે, તેઓના સંયુકત કુટુંબની વડીલોપાર્જીત ખેતીની જમીન નગીચાણા ગામે ગુ.લખમણભાઈ અરજણભાઈ પીઠીયા ના નામે આવેલી હતી. જે જમીનની આવકમાંથી ગુ.લખમણભાઈ અરજણભાઈ પીઠીયાએ દાવા અરજીના પારા–૩ (અ) થી (ઈ) માં જણાવેલી મીલ્કત પોતાના નામે વેચાણ દસ્તાવેજથી પ્રાપ્ત કરેલી હતી. વાદી પક્ષે વધુમાં જણાવેલ છે કે, ગુ.લખમણભાઈ અરજણભાઈ પીઠીયા એ ઉપરોકત મિલ્કતો ખરીદ કરી ત્યારે વાદીઓનું કુટુંબ સંયુકત કુટુંબ હતુ અને ગુ.લખમણભાઈ અરજણભાઈ પીઠીયા ને પોતાની કોઈ સ્વતંત્ર આવક હતી નહી પરંતુ પરીવારની નગીચાણા ગામે આવેલી વડીલોપાર્જીત જમીનની આવકમાંથી પારા–૩

માં જણાવ્યા મુજબની મિલ્કતો ખરીદ કરેલી હતી. જે મિલ્કતો કુટુંબની વડીલોપાર્જીત મીલ્કતની આવકમાંથી ખરીદ કરવામાં આવેલી હોવાથી, ગુ.લખમણભાઈ અરજણભાઈ પીઠીયા એ ખરીદ કરેલી પારા–૩ માં જણાવેલી મીલ્કતમાં પણ સંયુકત કુટુંબના સભ્યો તરીકે કો–પાર્સનીર તરીકે તમામ વાદીઓનો હકક–હીસ્સો આવેલો હતો. વાદી પક્ષે વધુમાં રજુઆત કરેલી છે કે, ગુ.લખમણભાઈ અરજણભાઈ પીઠીયા ના અવશાન સુધી વાદીઓ અને ગુ.લખમણભાઈ અરજણભાઈ પીઠીયા એકજ અવિભકત કુટુંબના સભ્યો હતા અને મીલ્કતનોનું કોઈ વિભાજન થયેલ ન હતુ.

વાદી પક્ષે વધુમાં જણાવેલ છે કે, ગુ.લખમણભાઈ અરજણભાઈ પીઠીયા તેઓના અવશાનના ૧૨ વર્ષ પહેલાથી માનસીક બીમારીનો ભોગ બનેલા હતા અને તેઓની સારવાર ચાલુ હતુ. વાદી પક્ષે વધુમાં જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ ગુ.લખમણભાઈ અરજણભાઈ પીઠીયા સાથે વિશ્વાસ જન્ય સંબંધો ધરાવતા હતા ને પ્રતિવાદી નં.૧ વાદીની જ્ઞાતીના અગાળ પડતા વ્યકિત હોય, તેમજ બેંકમાં નોકરી કરતા હોવાથી ગુ.લખમણભાઈ અરજણભાઈ પીઠીયા પ્રતિવાદી નં.૧ ની સલાહ લઈને મીલ્કતો ખરીદ કરતા હતા. વાદીએ વધુમાં જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ એ દાવા અરજીના પારા–૩ માં જણાવ્યા મુજબની મીલકતો પચાવી પાડવા માટે તા.૨૨/૦૭/૦૪ ના રોજ ગુ.લખમણભાઈ અરજણભાઈ પીઠીયા ની ખોટી સહી કરીને સદર મીલ્કતો બાબતે પોતાની તરફેણનું એક બોગસ અને ફોર્જ વિલ ઉભુ કરેલ. વાદી પક્ષે વધુમાં જણાવેલ છે કે, તે સમયે ગુ.લખમણભાઈ અરજણભાઈ પીઠીયા અસ્થિર મગજના હતા અને કાંઈ પણ સારૂ નરસુ સમજી શકતા ન હતા અને તે વખતે ગુ.લખમણભાઈ અરજણભાઈ પીઠીયા વિલ કરવા માટે સક્ષમ ન હતા. વાદી પક્ષે વધુમાં રજુઆત કરેલી છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ એ ઉપરોકત બોગસ વિલના આધારે પ્રોબેટ મેળવવા માટે કોર્ટમાં પરચુરણ અરજી નં.૮૮/૦૫ કરેલી હતી. જે અરજીમાં પ્રતિવાદી નં.૧ એ મટીરીયલ સપ્ર ેશન કરીને તા.૩૧/૧૨/૦૫ ના રોજ વિલનું પ્રોબેટ મેળવેલ હતુ. વાદી પક્ષે વધુમાં જણાવેલ છે કે, તે હુકમ રીવોક કરવા માટે વાદી પક્ષે દિવાની પરચુરણ અરજી

નં.૦૪/૦૭ દાખલ કરેલી હતી. જે પરચુરણ અરજીમાં કોર્ટ દ્રારા પ્રતિવાદી નં.૧ વિરૂધ્ધ મનાઈ હુકમ ફરમાવવામાં આવેલો હતો. જેની સામે પ્રતિવાદી નં.૧ એ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પે.દિ.અરજી નં.૮૭૭૫/૦૮ દાખલ કરેલી હતી. જેમા નામદાર હાઈકોર્ટ દ્રારા યથાવત સ્થિતી જાળવી રાખવાનો હુકમ કરેલો હતો.

વાદી પક્ષે વધુમાં રજુઆત કરેલી છે કે, સદરહુ કાયદાકીય પ્રોસીડીંગ ચાલતા હતા તે દરમ્યાન આ કામના પ્રતિવાદી નં.૧ એ પોતાનો બદ ઈરાદો પાર પાડવા અને વાદી સફળ ન થઈ શકે તેવા બદઈરાદાથી પારા-૩ વાળી મીલ્કતો પૈકીની અમુક મિલ્કતો પ્રતિવાદી નં.ર થી પ ને જુદી જુદી તારીખોએ વેચાણ કરી, તેમના નામે રેવન્યુ એન્ટ્રીઓ પડાવી લીધેલી છે.

વાદી પક્ષે વધુમાં રજુઆત કરેલી છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ એ વાદીઓના પિતા ગુ.લખમણભાઈ અરજણભાઈ પીઠીયા ની બોગસ સહીઓ કરીને વિલ ઉભુ કરેલ હોવાથી વાદી પક્ષે પ્રતિવાદી નં.૧ વિરૂધ્ધ જુનાગઢ પોલીસ ખાતામાં ગુના રજી. નં.ર૦૪/૦૬ થી તા.ર૪/૦૮/૦૬ ના રોજ ઈ.પી.કો કલમ-૪૬૭,૪૬૮,૪ર૦ મુજબની ગુનાની ફરીયાદ આપેલી હતી. જે ગુનામાં પોલીસ દ્રારા તપાસના અંગે પ્રતિવાદી નં.૧ વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે અને તેના ફોજદારી કેસ નં.૩પ૦ર/૦૬ છે અને તેની ટ્રાયલ ચાલુ છે. વાદી પક્ષે વધુમાં જણાવેલ છે કે, તે ફોજદારી કેસના કામે પોલીસ દ્રારા સરકારી હેન્ડરાઈટીંગ એક્ષપર્ટનો રીપોર્ટ મંગાવવામાં આવેલો છે અને તે શીલ બંધ કવરમાં ટ્રાયલ કોર્ટ સમક્ષ પડેલ છે. પરંતુ વાદી પક્ષ દ્રારા રીટાયર્ડ સરકારી હસ્તાક્ષર નિષ્ણાંત પાસે સદર વિલની સહીની ખરાઈ કરાવતા તે સહી ગુ.લખમણભાઈ અરજણભાઈ પીઠીયા ની નહી હોવાનો અભીપ્રાય આપેલ છે.

વાદી પક્ષે વધુમાં રજુઆત કરેલી છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ વિરૂધ્ધ દાવા વાળી મીલ્કતો અંગે કોર્ટ પ્રોસીડીંગ ચાલુ હોવા છતા તે મીલ્કતો વેચાણ કરેલી હોય ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એકટની કલમ-પર મુજબ લીસ પેન્ડન્સીનો બાધ નડે છે.

વાદી પક્ષે વધુમાં રજુઆત કરેલી છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ એ નામદાર જીલ્લા ન્યાયાલયમાં દિવાની પરચુરણ અરજી નં.૯૧/૦૭ દાખલ કરી તેમા વચગાળાના મનાઈ હુકમની માંગણી કરેલી હતી. જે માંગણી જીલ્લા ન્યાયાયલ દ્રારા નામંજુર કરવામાં આવતા તે હુકમ વિરૂધ્ધ નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત સમક્ષ સ્પે.સી.એ ૮૭૭૫/૦૮ દાખલ કરેલી હતી, જેમા નામદાર હાઈકોર્ટ દ્રારા વાદવાળી મીલ્કત પ્રતિવાદી નં.૧ નાએ થર્ડ પાર્ટી રાઈટ ટ્રાયલ કોર્ટમાં ચાલતા પ્રોસીડીંગ પુરા ન થાય ત્યાં સુધી ઉભા કરવા નહી તેવો મનાઈ હુકમ આપેલો છે તેમ છતા પ્રતિવાદી નં.૧ એ વાદ વાળી મીલ્કત પૈકીના પ્લોટો પ્રતિવાદી નં.૩ થી ૫ ને તબદીલ કરેલા છે.

વાદી પક્ષે વધુમાં રજુઆત કરેલી છે કે, તેઓને તા.૦૩/૦૧/૦૯ ના રોજ ભાસ્કર દૈનીક પત્રમાં પ્રસિધ્ધ કરાવેલ હતી તેમ છતા આ કામના પ્રતિવાદી નં.૩ થી ૫ એ મીલ્કત ખરીદ કરેલી છે.

વાદી પક્ષે વધુમાં જણાવેલ છે કે, વાદી વાળી મીલ્કતનો કબજો પ્રર્થમથી તેઓ પાસે છે અને પ્રતિવાદી નં.૧ નાએ કદી કબજો મેળવેલ નથી, તેમજ પ્રતિવાદી નં.૧ એ કયારે પણ મિલ્કતનો કબજો તેમની પાસેથી મેળવેલ હોય તેવા કોઈ આધાર નથી. તેમ છતા પ્રતિવાદી નં.૧ એ પ્રતિવાદી નં.ર થી ૫ જોગ કબજો વગર વેચાણ દસ્તાવેજ કરેલા છે.

વાદીએ વધુમાં રજુઆત કરેલી છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ વાદવાળી ખેતીની જમનીનો પણ વેચી નાખવાની તજ વીજ કરે છે અને ગમે તે ઘડીએ મીલ્કત વેચી નાખે તેવી પુરેપુરી દહેશત છે. વાદી પક્ષ દ્રારા વધુમાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે, પ્રતિવાદી પક્ષ દ્રારા અજાણ્યા માણસો દ્રારા વાદી પક્ષને કબજો છોડવા માટે ધમકી આપવામાં આવે છે. જેથી તાત્કાલીક હાલનો દાવો કરવાની ફરજ પડેલી છે તેમ જણાવી દાવા અરજીના પારા ૧ર માં જણાવ્યા મુજબની દાદ માંગેલી છે. તેમજ કામચલાઉ મનાઈ હુકમની અરજીના પારા–૫ માં જણાવ્યા મુજબના કામચલાઉ દાદની માંગણી કરેલી છે.

વાદી પક્ષે પોતાની દાવા અરજી અને કામચલાઉ મનાઈ હુકમની અરજીના સમર્થનમાં માર્ક– ૪/૧ થી ૪/૩૫ ના દસ્તાવેજો પર આધાર રાખેલ છે.

વાદી પક્ષે કામચાલઉ મનાઈ હુકમની અરજીના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓમાં ઠરાવેલા સિધ્ધાંતો પર આધાર રાખેલ છે.

A Shyam Lal S/o Netar Singh Vs.Narda Devi
AIR 2013 HIMACHAL PRADESH 27

B Darshan Singh Vs Gurdev Singh
AIR 1995 SC 75

C Mahendrakumar Pitambarbhai Doshi Vs Addl.Secretar
2013 (2) GLR 1495

D Adani Exports Ltd Vs Hindustan Organic Chemicals
2000 (3) GLR 2759

E Mehdi Hasan Vs. Ram Ker
AIR 1982 Allahabad 92

(૨) વાદીના દાવા અને કામચલાઉ મનાઈ હુકમની અરજી બાબતે આ કામના પ્રતિવાદી પક્ષને નોટીસ દ્રારા જાણ કરવામાં આવતા પ્રતિવાદી નં. ૧ દ્રારા આંક–૨૯ થી વાંધા જવાબ રજુ કરવામાં આવેલા છે. જે વાંધા જવાબમાં પ્રતિવાદી નં.૧ દ્રારા વાદીના દાવા અરજીમાં કરવામાં આવેલા તમામ આક્ષેપોનો ઈન્કાર કરેલો છે અને પોતાનો બચાવ રજુ કરતા એવી હકીકત જણાવેલી છે કે, વાદીના દાવામાં જણાવ્યા મુજબના વેચાણ વ્યવહારો ૨૦૦૭ થી ૨૦૧૧ સુધીના હોય તે વેચાણ વ્યવહાર રદ કરાવવાની દાદ માંગતો હાલનો દાવો સમય મર્યાદા બહારનો છે. તેઓએ વધુમાં રજુઆત કરેલી છે કે, જે સ્થાવર મીલ્કતોના અંગ હાલનો દાવો કરવામાં આવેલો છે તે મીલ્કતો જુનાગઢ, માંગરોળ, કેશોદ વેગરે જુદી જુદી અદાલતોની સ્થાનીક હકુમતમાં આવતી મીલ્કતો છે, જેથી આ કોર્ટને તે અંગેનો દાવો સાંભળવા હકુમત નથી. પ્રતિવાદી નં.૧ દ્રારા વધુમાં તકરાર લેવામાં આવેલી છે કે ,ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા એ દાવા વાળી

મીલ્કત પોતાની સ્વકામણીમાંથી ખરીદ કરેલી મીલ્કતો હતી અને તેથી તેઓને તે મીલ્કત વિલ કરીને કોઈને પણ આપવાનો અધિકાર હતો. પ્રતિવાદી નં.૧ એ વધુમાં રજુઆત કરેલી છે કે, ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા ની નગીચાણા મુકામે જે વડીલોપાર્જીત જમીનો આવેલી હતી તે જમીનોનું તેઓએ પોતાની હયાતીમાં વિભાજન કરીને વાદીઓને આપેલી છે, અને હાલના દાવા વાળી મીલ્કત ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા ની સ્વતંત્ર આવકમાંથી ખરીદેલી મીલ્કતો હતી. પ્રતિવાદી નં.૧ દ્રારા વધુમાં રજુઆત કરવામાં આવેલી છે કે, દાવા વાળી મીલ્કતોનો કબજો વાદીનો હોવાની હકીકત તેઓ ખોટી જણાવી રહેલા છે અને મિલ્કતનો કબજો તેઓનો હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલો નથી. પ્રતિવાદી નં.૧ દ્રારા વધુમાં એવી રજુઆત કરવામાં આવેલી છે કે, કોઈ વ્યકિતની સાયકયાટ્રીસ્ટ પાસે સારવાર ચાલતી હોય તેટલા માત્રથી તે વ્યકિત ગાંડી છે તેમ કહી શકાય નહી. તેઓએ વધુમાં હાલના કેસના પક્ષકારો વચ્ચેના અન્ય કેસના કામે માનસીક રોગના ડૉકટરની જુબાની ની વિગતો રજુ કરેલી છે અને ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા એ ૧૯૯૫ પછી ૨૦૦૫ માં સદર ડૉકટરની સારવાર લીધેલ છે તેવી જણાવેલ છે. પ્રતિવાદી નં.૧ એ વધુમાં રજુઆત કરેલી છે કે, પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં સક્ષમ કોર્ટ દ્રારા ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા ના વિલ અંગે લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન એનેકક્ષ વિલ આપવામાં આવેલ છે ત્યારે તે હુકમ રીવોક ન થાય ત્યાં સુધી વિલ યોગ્ય હોવાનું અનુમાન કરવાનું રહે છે. પ્રતિવાદી નં.૧ એ વધુમાં રજુઆત કરેલી છે કે, વિલ ખોટુ હોવા બાબતે વાદી પક્ષ દ્રારા ખોટો ફોજદારી કેસ દાખલ થયેલ છે અને તે પેન્ડીંગ છે. તેઓએ વધુમાં રજુઆત કરેલી છે કે, પ્રાઈવેટ હેન્ડ રાઈટીંગ એક્ષપર્ટનો અભીપ્રાય માત્ર અભીપ્રાય સ્વરૂપનો કહી શકાય, જયારે કે કોર્ટ દ્રારા વિલ યોગ્ય રીતે થયેલ હોવાનું માનીને લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન એનેક્ષસ વિલ આપેલ છે ત્યારે તેનું મહત્વી અભીપ્રાય કરતા વધુ રહે છે. તેમ જણાવી વાદીની કામ ચલાઉ મનાઈ હુકમની અરજી નામંજુર કરવા વિનંતી કરેલી છે. પ્રતિવાદી નં.૧ એ પોતાની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદા પર આધાર રાખેલ છે.

A Chiranjilal Shilal Goenka Vs Jasjit Singh 1993 (2) SCC 507

B Rukn-Ul-Mulk Syed Abdul Wajid Vs Gajambal AIR 1950 Myso.57

પ્રતિવાદી નં.૨ દ્રારા આંક-૩૪ થી વાંધા જવાબ રજુ કરવામાં આવેલા છે. તેઓએ પણ મહદ અંશે પ્રતિવાદી નં.૧ ના વાંધા જવાબ મુજબની તકરારો લીધેલી છે.

પ્રતિવાદી નં.૩ અને ૪ દ્રારા આંક-૨૮ થી વાંધા જવાબ રજુ કરવામાં આવેલા છે. તેઓએ પોતાના વાંધા જવાબમાં એવી રજુઆત કરેલી છે કે, પ્રતિવાદી નં.૩ એ પ્રતિવાદી નં.૧ પાસેથી પ્લોટ નં.૮/૧ ખરીદ કરેલો અને બાદમાં પ્રતિવાદી નં.૪ ને વેચાણ કરેલો છે.આમ, પ્રતિવાદી નં.૩ અને ૪ ઉપરોકત પ્લોટના શુધ્ધ બુધ્ધિના ખરીદનાર છે. તેઓએ વધુમાં રજુઆત કરેલી છે કે, તેઓએ ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા ના પ્રોબેટને ઘ્યાને લઈને મીલ્કત ખરીદ કરેલી હતી અને કોર્ટ દ્રારા જયારે તે હુકમ થયેલ હતો ત્યારે તે યોગ્ય હોવાનું માનવાને કારણ હતુ. તેઓએ વધુમાં રજુઆત કરેલી છેકે, જો વિલનું પ્રોબેટ રદ કરવાની કોઈ કાર્યવાહી ચાલતી હોય તો તેમા તેઓ પક્ષકાર હતા નહી.તેઓએ વધુમાં રજુઆત કરેલી છે કે, મીલ્કત વેચવા સામેના કોઈ મનાઈ હુકમની પણ તેઓને જાણ હતી નહી. તેઓએ વધુમાં દાવા અરજીના પારા-૩(બ) ની મીલ્કત પુરતીજ પોતાની રજુઆત હોવાનું જણાવી અન્ય મિલ્કતોની વિગત અંગે પોતાને માહીતી નહી હોવાનું જણાવે છે, તથા વાદીની દાવા અરજીમાં કરવામાં આવેલા આક્ષેપોનો ઈન્કાર કરે છે.

તે સીવાય પ્રતિવાદી નં.૫ દ્રારા આંક-૩૬ થી વાંધા જવાબ રજુ કરવામાં આવેલા છે. તેઓએ વાદીના દાવા અરજીમાં કરવામાં આવેલા આક્ષેપોનો ઈન્કાર કરેલ છે અને એવી વિગત જણાવેલ છે કે, કેશોદના રે.સર્વે નં.૭૦૧/૨ પૈકી પડેલા પ્લોટ પૈકી પ્લોટ નં.૫૫ વાળી જમીન તેઓએ તા.૨૬/૦૯/૧૧ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલી છે અને સદર મીલકતનો કબજો તેઓનો છે. તેઓએ વધુમાં રજુઆત કરેલી

છે કે, તેઓએ જે પ્લોટના રેવન્યુ રેકર્ડ અને દસ્તાવેજો તપાસીને યોગ્ય જણાતા મીલ્કત ખરીદ કરેલી છે. તેઓએ વધુમાં પ્રતિવાદી નં.૧ દ્રારા આપવામાં આવેલા જવાબને મળતો જવાબ રજુ કરેલો છે.

(૩) ઉપરોકત તમામ રજુઆતો તથા કાયદાના સ્થાપીત સિધ્ધાંત ધ્યાને લેતા સ્પષ્ટ થાય છે કે, સી.પી.સી ઓર્ડર ૩૯, રૂલ ૧ અંતર્ગતી હાલની કામચલાઉ મનાઈ હુકમનીઅરજીના નિર્ણય માટે કોર્ટ દ્રારા નીચેના મુદાઓ અંગે વિચાર કરવાઓ રહે છે, **(અ) શું વાદીનો પ્રર્થમ દર્શનીય કેસ છે ?, (બ) શું માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો વાદીને નાણામાં ન આંકી શકાય તેવુ નુકશાન થવા સંભવ છે ?,(ક) શું સગવડ ની સંમતુલા વાદીની તરફેણમાં છે ?** જો વાદી તથા પ્રતિવાદી પક્ષનો કેસ અને રજુ પુરાવાઓ પ્રર્થમ દર્શનીય જોતા ઉપરોકત ત્રણે પ્રશ્નોનો જવાબ હકારમાં આપવા પાત્ર થતા હોય તો વાદીને માંગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ મેળવવા પાત્ર થાય છે. પરંતુ જો ઉપરોકત ત્રણે પ્રશ્નો માંથી કોઈ પણ એક પ્રશ્નનો જવાબ નકારમાં આપવો પડે તો વાદી માંગ્યા મુબજનો મનાઈ હુકમ મેળવી શકતા નથી. જે પ્રાથમીક સિધ્ધાંત તથા આ કામના પક્ષકારો દ્રારા રજુ કરવામાં આવેલા ચુકાદાઓમાં પ્રસ્થાપીત કરેલા સિધ્ધાંતો ધ્યાન સમક્ષ રાખીને હાથ પરના કેસની ચર્ચા અને રજુ થયેલા પુરાવાઓનું પ્રર્થમ દર્શનીય મુલ્યાંકન કરવામાં આવેતો તે નીચે મુજબ છે.

(૪) **વાદીનો પ્રર્થમ દર્શનીય કેસ છે કે કેમ: –** હાલના કેસમાં પક્ષકારોના પ્લીડીંગ ધ્યાને લેવામાં આવેતો, વાદી ની પ્રર્થમ રજુઆત એવી છે કે, આ કામના વાદીઓ ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા ના સંતાનો છે અને તેઓનો પરીવાર સંયુકત પરીવાર હતો. તેમજ ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા પોતાની કોઈ સ્વતંત્ર આવક ધરાવતા હતા નહી. તેમજ ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા ના નામે નગીચાણા

મુકામે જે વડીલોપાર્જીન જમીનો આવેલ હતી તે જમીનની આવકમાંથી ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા એ દાવા અરજીના પારા–૩ એ થી ઈ માં જણાવ્યા મુજબની મીલ્કતો ખરીદ કરેલી હોવાથી દાવા વાળી મીલ્કત પણ હીન્દુ સંયુકત કુટુંબની મીલ્કત કહેવાય અને તે મીલ્કતમાં ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા ની સાથે વાદીઓ સહહીસ્સેદાર થાય. આ અંગે વિચાર કરવામાં આવેતો, દાવા અરજી ના પારા–૩ એ થી ઈ માં જણાવેલી મીલ્કતનો ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા એ વેચાણ થી રાખેલી હતી તે અંગે પક્ષકારો વચ્ચે કોઈ તકારાર નથી. જેથી તેટલી હકીકત પ્રર્થમ દર્શનીય માની શકાય કે વિવાદીત મીલ્કતનો ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા વેચાતી લીધેલી હતી, તે મીલ્કતો તેમને પુર્વજો તરફથી મળેલી હોય તેવી મીલ્કતનો ન હતી. વધુમાં તે મીલ્કતો ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા એ નગીચાણા ગામની વડીલોપાર્જીત મીલ્કતની આવકમાંથી ખરીદ કરેલી હતી કે કેમ તે આ તબકકે પુરાવો લીધા સીવાય માની લઈ શકાય નહી, તેમજ ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા પાસે વડીલોપાર્જીત મીલ્કતની આવક સિવાય અન્ય કોઈ સ્વતંત્ર આવક ન હતી તે પણ પુરાવો લીધા સિવાય આ તબકકે માની લઈ શકાય નહી. જેથી વિવાદીત મીલકત વડીલો પાર્જીત મીલ્કતની આવકમાંથી ખરીદ થયેલી હતી કે કેમ તે ટ્રાયલ નો વિષય છે. પરંતુ જો ટ્રાયલના અંત વિવાદીત મીલ્કત વડીલો પાર્જીત સંયુકત પરીવારની મીલ્કતમાંથી ખરીદ થયેલાનું પુરવાર થાય તો ચોકકસ રીતે તેવી આવકમાંથી ખરીદ થયેલી મીલ્કત પણ સંયુકત પરીવારની મીલ્કત થાય અને તેમા વાદી પક્ષનો અધિકાર થાય.

ત્યાર બાદ વાદી પક્ષની બીજી રજુઆત એવી છે કે, આ કામના પ્રતિવાદી નં.૧ દાવા વાળી મીલ્કત પર પોતાનો જે અધિકાર દર્શાવી રહેલા છે તે અધિકાર ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા ના કથીત વિલ અને તે વિલ બાબતે કોર્ટને અંધારામાં રાખીને મેળવેલા લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન એનેકસ વિલના આધારે માંગી રહેલા છે.તેમજ આ કામના પ્રતિવાદી નં.૧ એ ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા ની ખોટી સહી વાળા બોગસ વિલના આધારે દાવા વાળી મીલ્કતના

રેવન્યુ રેકર્ડમાં પોતાનું નામ દાખલ કરાવી લીધેલ હતુ. જે બોગસ વિલ ઉભુ કરવા બદલ વાદી પક્ષ દ્રારા પ્રતિવાદી નં.૧ વિરૂધ્ધ ફોજદારી ફરીયાદ થયેલી છે અને તે ફોજદારી ફરીયાદ અનુસંધાને પ્રતિવાદી વિરૂધ્ધ ઈ.પી.કો કલમ–૪૬૭,૪૬૮ વિ. મુજબના ગુનાની ચાર્જશીટ થયેલ છે. તેમજ તે ગુનાની તપાસમાં હેન્ડરાઈટીંગ એક્ષપર્ટનો રીપોર્ટ મેળવવામાં આવેલો છે પરંતુ તે ફોજદારી કોર્ટમાં બંધ કવરમાં રજુ છે. પરંતુ વાદી પક્ષ દ્રારા નિવૃત હેન્ડરાઈડીંગ એક્ષપર્ટ પાસે કરાવેલા રીપોર્ટમાં વિવાદતી વિલમાં ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા ની સહી નહી હોવાનો અભિપ્રાય આવેલ છે. જેની નકલ તેઓએ આ કામે રજુ કરેલી છે. આ અંગે પ્રતિવાદી નં.૧ ની રજુઆત એવી છે કે, માત્ર ફોજદારી કેસ દાખલ થવા માત્રથી ગુનેગાર સાબીત થતા નથી અને તેની ટ્રાયલ પેન્ડીંગ છે. તેઓએ વધુમમાં રજુઆત કરેલી છે કે, પોલીસ દ્રારા કરવામાં આવેલ હસ્તાક્ષર પરીક્ષણમાં હસ્તાક્ષર નિષ્ણાંત વિવાદીત વિલની સહી બોગસ છે કે કેમ તે અંગે અભિપ્રાય આપી શકેલા નથી તેવો રીપોર્ટ છે. તેઓએ વધુમાં રજુઆત કરેલી છે કે, જયારે સક્ષમ કોર્ટ દ્રારા કોઈ વિલ અંગે પ્રોબેટ કે લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન એનેકસ વિલ આપવામાં આવેલ હોયા ત્યારે તે વીલ યોગ્ય રીતે એકઝીકયુટ અને એટેસ્ટેડ થયેલ છે તેવુ માનવાનું રહે છે અને જયા સુધી સક્ષમ કોર્ટ દ્રારા આવા વિલ ના પ્રોબેટ કે લેટર ઓફ એડમીનીસ્ટ્રેશનને રીવોક કરવામાં ન આવે ત્યાં સુધી હસ્તાક્ષર નિષ્ણાંતનો પુરાવો કોર્ટના આદેશ થી વધુ કહી શકાય નહી. આ દલીલ અંગે વિચાર કરવામાં આવે તો, પ્રતિવાદી નં.૧ ની દલીલ માનવા યોગ્ય છે. કારણ કે કાયદાના સ્થાપીત સિધ્ધાંત મુજબ કોઈ વ્યકિત સામે ગુનાનું ચાર્જશીટ થાય તેટલા માત્રથી તેઓએ આક્ષેપીત ગુનો કરેલો છે તેવુ માની લઈ શકાય નહી. વધુમાં હસ્તાક્ષર નિષ્ણાંતના પુરાવા અંગે વિચાર કરવામાં આવેતો, તે માત્ર અભીપ્રાય સ્વરૂપનો હોય છે. જે પુરાવો હાલના વાદી દ્રારા પ્રતિવાદી.૧ વિરૂધ્ધ દાખલ કરવામાં આવેલ રીવોકેશનની અરજીમાં લેવામાં આવેલો છે અને તે રીવોકેશન અરજી હાલ આ કોર્ટના નિર્ણય માટે પેન્ડીંગ છે, જેથી આ તબકકે હસ્તાક્ષર નિષ્ણાંતનનો પુરાવો સાચોજ અને માનવા લાયક કે નહી માનવા લાયક

છે તેવો અભિપ્રાય આ તબકકે આપી શકાય નહી. પરંતુ એટલી હકીકત ચોકકસ છે કે, જયાં સુધી સક્ષમ કોર્ટ દ્રારા આપવામાં આવેલ વિલનું પ્રોબેટ કે લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન એનેક્ષ વિલ રીવોક ન થાય ત્યાં સુધી તે અમલમાં હોવાનું અને વિલ યોગ્ય રીતે થયેલ હોવાનું માનવા માટે આ કોર્ટને બંધનકારક છે. જેથી આ તબકકે પ્રતિવાદી નં.૧ પર થયેલા ફોજદારી કેસના કારણે વિવાદીત વિલ બોગસજ છે તેવુ પ્રર્થમ દર્શનીય માની શકાય તેમ નથી. પરંતુ આ વિલની યોગ્યતા અંગે પક્ષકારો વચ્ચે અનેક સીવીલ અને ફોજદારી અતી ગંભીર વિવાદો ચાલુ છે અને તે વિવાદોમાં પ્રતિવાદી નં.૧ વિરૂઘ્ધ ગંભીર ફોજદારી ગુનાની તપાસના અંતે ચાર્જશીટ થયેલ છે, એક હસ્તાક્ષર નિષ્ણાંત દ્રારા વિલમાં ગુજરનારની સહી નથી તેવો પણ અભિપ્રાય છે, ત્યારે તે મુદા પર પણ ટ્રાયલની આવશ્યકતા ચોકકસ રીતે છે.

ત્યાર બાદ વાદીની ત્રીજી તકરાર એવી છે કે, જે સમય વિવાદીત વિલ થયેલ છે તે સમયે ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા માનશીક રોગનો ભોગ બનેલા હતા અને તેઓની માનશીક રોગના નિષ્ણાંત પાસે સારવાર ચાલતી હતી. જેથી પણ આવુ વિલ અમલ કરાવ શકાય નહી. આ અંગે પણ વિચાર કરવામાં આવેતો, તે મુદો પણ રીવોકેશનની અરજીમાં કોર્ટના નિર્ણયાધીન છે, જેથી તેના નિર્ણયના અંતેજ વિવાદીત વિલ સમયે ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા ખરેખર વિલ કરવા માટે અક્ષમ હતા કે કેમ તેનો નિર્ણય થઈ શકે છે. પરંતુ એટલુ ચોકકસ છે કે ઉપરોકત તમામ મુદા ટ્રાયલ માંગે છે. અને જયારે વિવાદીત વિલ કરવા અંગે પ્રતિવાદી નં.૧ વિરૂઘ્ધ ફોજદારી કેસ થયેલ છે, એક હસ્તાક્ષર નિષ્ણાંતે વિલમાં ગુ.લખમણભાઈ અરજનભાઈ પીઠીયા ની સહી નહી હોવાનો અભિપ્રાય આપેલ છે ત્યારે તે તમામ ઘ્યાને લેતા યોગ્ય ટ્રાયલ માંગે તેવો કેસ ચોકકસ જણાય છે. જેથી આ અંગે નામદાર ગુજરાત ઉચ્ચ અદાલત દ્રારા **Adani Export Ltd Vs. Hindustan Organic Chemicals Ltd 2000 (3) GLR 2759** ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ઘ્યાને લેવામાં આવેતો, નામદાર ઉચ્ચ અદાલત દ્રારા ઠરાવવામાં આવેલ છે કે,

It is well settled principles of law that the rule that before the issue of a temporary injunction, the Court must satisfy itself that the plaintiff has a prima facie case, does not mean that the Court should examine the merits of the case closely and come to a conclusion that the plaintiff has a case in which he is likely to succeed. This would amount to prejudging the case on its merits. **All that the Court has to see is that on the face of it the person applying for an injunction has a case which needs consideration and which is not bound to fail by virtue of some apparent defects.**

**32. It is also well settled principle of law that in order to make out a prima facie case, necessary for granting an interlocutory injunction, the plaintiff need not establish his title. It is enough if he can show that he has a fair question to raise as to the existence of right which he alleged and can satisfy the Court that the property in dispute should be preserved in its present actual condition until such question is disposed of.** The Court must also, before disturbing any man's legal right stripping him off any of the rights with which law has clothed him, be satisfied that the probability is in favour of

his case ultimately failing in the final issue of the suit.

32.1 It is also a well settled principles of law that what the Court has to determine in granting injunction is whether there is a bona fide contest between the parties and when there is a fair and substantial question to be decided as to the rights of the parties in the suit, it is not necessary for the purpose nor is it right that the Court should further examine the question in dispute or anticipate the decision of the question in the suit itself.

જે તમામ ધ્યાને લેતા વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે.

(૪.૧) વધુમાં કઈ વ્યકિતને વિલના આધારે પ્રોબેટ કે લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન આપવામાં આવેલ હોય તેટલા માત્રથી તેવી વ્યકિતને મીલ્કત પર ટાઈટલ પ્રાપ્ત થતુ નથી આ અંગે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **Delhi Development Authority v. Vijaya C. Gurshaney AIR 2003 SUPREME COURT 3669** ના કેસમાં ઠરાવવામાં આવેલ સિધ્ધાંત ધ્યાને લેવામાં આવેતો, તે નીચે મુજબ છે

It is settled law that a Testamentary Court whilst granting Probate or Letters of Administration does not even consider particularly in uncontested matters, the motive behind execution of a testamentary instrument. **A Testamentary Court is only concerned with finding out whether or not the**

***testator executed the testamentary instrument of his free will. It is settled law that the grant of a Probate or Letters of Administration does not confer title to property. They merely enable administration of the estate of the deceased. Thus, it is always open to a person to dispute title even though Probate or Letters of Administration have been granted.***

આમ, ઉપરોકત ચુકાદો ધ્યાને લેતા પણ પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં સક્ષમ કોર્ટ દ્રારા લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન વિથ વિલ આપવામાં આવેલ હોય તેમ છતા તે પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં કોઈ ટાઈટલ આપતુ નથી અને ગુજરનારના વારસોને મીલ્કત ના ટાઈટલ અંગે તકરાર ઉઠાવવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. જે ધ્યાને લેતા પણ પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન હોવા છતા વાદીએ ઉઠાવેલી તકરારો અંગે યોગ્ય ટ્રાયલ આવશ્યક છે. જેથી પણ વાદીનો પ્રર્થમ દર્શનીય કેસ છે.

(૫) **સગવડ અગવડની સમતુલા :-** આ અંગે વિચાર કરવામાં આવેતો, આ કામના વાદીએ પોતાની કામચલાઉ મનાઈ હુકમની અરજીમાં મુખ્ય રૂપથી ત્રણ દાદ માંગેલી છે, પ્રર્થમ એવી છે કે, આ કામના પ્રતિવાદી પક્ષ વિવાદીત મીલ્કત ચાલુ દાવા દરમ્યાન અન્ય કોઈને કોઈ પણ રીતે તબદીલ કરે નહી. બીજી દાદ એવી છે કે વાદીના મીલ્કતના કબજામાં અંતરાય કરે નહી અને ત્રીજી દાદ એવી છે કે ચાલુ દાવે મીલ્કતોનો કબજો પ્રતિવાદી છીનવી લે તો તે પુન: આપવામાં આવે.

આ અંગે વિચાર કરવામાં આવેતો, વિવાદીત મીલ્કતનો વાદી પક્ષના કબજામાં છે તેવો કોઈ પણ પુરાવો રેકર્ડ પર નથી, માત્ર વાદીનું મૌખીક કથન છે. જેથી વિરૂધ્ધ વાદી પક્ષ દ્રારા રજુ કરવામાં આવેલા રેવન્યુ રેકર્ડ ધ્યાને લેતા વિવાદીત મીલ્કતો પ્ર

તિવાદી પક્ષના કબજામાં હોવાનું પ્રર્થમ દર્શનીય જણાઈ આવે છે. જેથી આવો કબજો વાદી પાસે હોવાનું પ્રર્થમ દર્શનીય રેકડ પર નથી ત્યારે વાદીના કબજામાં અંતરાય ન કરે તેવી દાદ કે મીલ્કતનો કબજો છીનવી લે તો પરત કરવો તેવી દાદ આપી શકાય તેમજ નથી.

પરંતુ વિવાદીત મીલ્કતો ચાલુ દાવે અન્ય કોઈને ટ્રાન્સફર ન કરે તે દાદ અંગે વિચાર કરવામાં આવેતો, જો ચાલુ દાવા દરમ્યાન વિવાદીત મીલ્કતો અન્ય કોઈને ટ્રાન્સફર ન કરવા પ્રતિવાદી પક્ષને આદેશ કરવામાં આવેતો, પ્રતિવાદી પક્ષને વાદી કરતા વધુ અગવડ ભોગવવી પડે તેવુ જણાતુ નથી. કારણ કે, મિલ્કતનો કબજો પ્રર્થમ દર્શનીય તેઓ પાસે હોય તેવો મિલ્કતના તબદીલી સિવાયના અન્ય તમામ અધિકારો ભોગવી શકે છે. પરંતુ જો આવી મીલ્કત ચાલુ દાવા દરમ્યાન ટ્રાન્સફર કરતા પ્રતિવાદી પક્ષને રોકવામાં ન આવે તો મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ થાય તેમ છે અને જો દાવાના અંતે વાદી સફળ થાય તો તેઓને ફળ પ્રાપ્ત થઈ શકે તેમ નથી. વધુમાં આ કામના પ્રતિવાદી એ ચાલુ દાવા દરમ્યાન વિવાદીત મીલ્કતો પૈકીની એક મિલ્કત વેચાણ કરેલી અને તેથી વાદી પક્ષ દ્રારા નવા પક્ષકારને જોડવા અરજી આપવામાં આવેલી. જે અનુસંધાને મીલ્કત ખરીદ કરનાર પક્ષકારે પ્રતિવાદીને પુન: તે મીલ્કત હસ્તાંતરીત કરી આપેલી, જે હકીકત રેકર્ડ પર રજુ થયેલા દસ્તાવેજો પરથી જાણી શકાય છે. આમ, વાદી અને પ્રતિવાદી નં.૧ વચ્ચે નામદાર ગુજરાત હાઈકોર્ટ સુધી એકથી વધુ સિવિલ મેટર અને એક ક્રિમીનલ મેટર દાવા વાળી મીલ્કત અંગે ચાલતી હોવા છતા પ્રતિવાદી નં.૧ મીલ્કત હસ્તાંતર કરી રહેલા છે તેવુ માનવાને કારણ રહે છે. જેથી જો પ્રતિવાદીને ચાલુ દાવા દરમ્યાન વિવાદીત મીલ્કત વેચાણ કરતા રોકવામાં ન આવે તો તેઓ વિવાદીત મીલ્કતો પોતાને લેટર ઓફ એડમીનીસ્ટ્રેશન થી મીલ્કતોનું કોઈ ટાઈટલ પ્રાપ્ત થતુ ન હોવા છતા વેચાણ કરતા રહે અને નવા નવા પક્ષકારો જોડવા પડે તેના કારણે વાદીના દાવાને પણ વિપરીત અસર થાય તેમજ પક્ષકારો વચ્ચેથી તકરાર થી અજાણ કોઈ સાચા વ્યકિતને પણ મીલ્કત ખરીદ કરવાથી બીન જરૂરી દાવાદુવીમાં ઉતરવુ

પડે અને હેરાનગતીનો ભોગ બનવુ પડે. જે ધ્યાને લેતા મનાઈ હુકમ નહી આપવા કરતા મનાઈ હુકમ આપવો તમામ પક્ષકારો માટે તથા વિવાદીત મીલ્કતને પ્રીર્સવ કરવા માટે વધુ સગવડ ભરેલો છે. તેમજ આવી મીલ્કતો વારંવાર હસ્તાંતરી થવાથી વાદીને દાવો મંજુર થવાના કિસ્સામાં હુકમનામાના ફળ મળે નહી અને નાંણામાં આંકી ન શકાય તેવુ નુકશાન થવા સંભવ છે. જયારે પ્રતિવાદી ને રોકવામાં આવે તો તેઓ દાવા અંતે જો દાવો નામંજુર થાય તો ત્યારે મીલ્કત વેચાણ કરી શકે છે અને તેઓને ત્યારે કદાચ આજના ભાવ કરતા વધુ ભાવ પ્રાપ્ત થઈ શકે છે. જેથી મનાઈ હુકમ આપવાની પ્રતિવાદી ને કોઈ નાંણાકીય નુકશાન થતુ નથી. જે ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **-:હુકમ:-**

આ કોર્ટને સી.પી.સી ઓર્ડર ૩૯ રૂલ ૧ દ્રારા મળેલી સત્તાની રૂએ વાદી ની આંક ૫ થી રજુ કામચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી **અંશત:મંજુર** કરવામાં આવે છે.

આ કામના પ્રતિવાદીઓને આથી હુકમ કરવામાં આવે છે કે, તેઓએ દાવા અરજીના પારા-૩ એ થી ઈમાં જણાવ્યા મુજબની નીચે મુજબની દાવા વાળી મીલ્કતો દાવાનો આખરી નિર્ણય ન થાય ત્યાં સુધી જાતે કે અન્ય કોઈ મારફતે કોઈ પણ રીતે અન્ય કોઈને હસ્તાંતરીત કરવી નહી કે તે મિલ્કત પર કોઈ બોજો ઉત્પન્ન કરવો નહી તેવો **મનાઈ હુકમ ફરમાવવામાં આવે છે**.

**(૧)** જુનાગઢના **ટીંબાવાડી** ગામની સર્વે નં.૧૩૧/૧ વાળી રહેણાંક હેતુ માટેની બીન ખેતીની જમીન આવેલ **પ્લોટ નં.૫૬ ક્ષેત્રફળ ૧૯૫.૨૫ ચો.મી** વાળી મીલ્કત.

**(૨)** જુનાગઢ જીલ્લાના **માંગરોળ શહેરની** હદમાં આવેલ સર્વે નં.૧૭૪ પૈકીની જમીનમાં આવેલ **પ્લોટ નં.૮/૧ ક્ષેત્રફળ ૧૦૦.૫ ચો.મી.**

M.J.Zala
P.S.C.J, Junagadh

(૩) જુનાગઢ જીલ્લાના **કેશોદ ગામે** સર્વે નં.૭૦૧/૨ પૈકીની બીન ખેતીની જમીનમાં આવેલ **પ્લોટ નં.૫ ક્ષેત્રફળ ૧૬૫.૮૦ ચો.મી**

(૪) **માંગરોળ તાલુકાના કાલેજ ગામ**ની દસ્તાવેજ નં.૭૬૧ થી ખરીદેલી **સર્વે નં.૩૩૪ પૈકી એ.૩, ગુંઠા–૧૮ ની જમીન.**

(૫) **માંગરોળ તાલુકાના કાલેજ** ગામની દસ્તાવેજ નં.૭૬૦ થી ખરીદેલી **સર્વે નં.૩૩૪ પૈકી ની એ.૩, ગુંઠા–૧૮ ની જમીન**.

દાવા વાળી જમીન વધુ ટ્રાન્સફર ન થાય તે માટે ઉપરોકત હુકમની અસર આપવા માટે હુકમની **એક એક નકલ સબ રજીસ્ટ્રાર શ્રી, જુનાગઢ (ટીંબાવાડી), માંગરોળ અને કેશોદને અલગ યાદી સાથે મોકલવા** માટે રજીસ્ટ્રીને જાણ કરવામાં આવે છે.

અરજીનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.

હુકમ આજરોજ **તા.૦૩ જી, માહે: ડીસેમ્બર, સને: ૨૦૨૧** ના રોજ ખુલ્લી કોર્ટ માં જાહેર કર્યા.

સ્થળ :– જુનાગઢ
તારીખ:– ૦૩/૧૨/૨૦૨૧

**(મિહિરદેવસિંહ જે. ઝાલા)**
મુખ્ય સીનીયર સીવીલ જજ
જુનાગઢ
જીજે ૦૦૮૦૯

**M.J.Zala**
P.S.C.J, Junagadh